**રાજ્ય અનામત પોલીસદળમાં ભરતી થયેલ બોર્ડરવીંગના જવાનો તથા અનુયાયી વર્ગ-૪ ને ખાસ પગાર આપવા અંગે.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
**ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૦૫/૪૩૮/પાફા/ફ**
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ-૧૭/૧૦/૨૦૧૫

**વંચાણે લીધાઃ-**

(૧) એલપીએ-૭૧૨/૨૦૦૫ અન્વયે નામ.હાઇકોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ નીતિ.
(૨) ગૃહ વિભાગના સરખા ક્રમાંકના તા.૩૦/૯/૨૦૧૧ તથા તા.૩/૧૨/૨૦૧૩ ના ઠરાવ.

**ઠરાવઃ-**

રાજ્ય અનામત પોલીસદળમાં ભરતી થયેલ બોર્ડરવીંગના જવાનો તથા અનુયાયી વર્ગ-૪ ને ખાસ પગાર આપવા અંગે રાજ્ય સરકારે બહાર પાડેલ ઠરાવોનો સંકલિત ઠરાવ કરવાની બાબત વિચારણામાં હતી.આ બાબત ધ્યાને લઇને નીચે પ્રમાણે સંકલિત ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ડાયરેકટર જનરલ, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, અમદાવાદના નિયંત્રણ હેઠળના બોર્ડરવીંગ હોમગાર્ડઝ તરીકે સેવાઓ બજાવતા જવાનો ઉકત ક્રમાંક(૧) મુજબની સરકારની નીતિ મુજબ રાજ્ય અનામત પોલીસ દળમાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ હોય તેઓએ બોર્ડરવીંગ હોમગાર્ડઝ તરીકે આપેલ સેવાઓને ધ્યાને લઇ જેઓની બોર્ડરવીંગ હોમગાર્ડઝમાં ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષ સેવા આપેલ હોય તેવા કિસ્સામાં રાજ્ય અનામત પોલીસદળના કોન્સ્ટેબલના પગારધોરણના એક ઇજાફા જેટલો ખાસ પગાર આપવાનું ઠરાવવાામાં આવે છે. ખાસ પગાર પર અન્ય ભથ્થા મળવાપાત્ર રહેશે નહી.

રાજ્ય અનામત પોલીસ દળના જુથ-૧૭ ના વર્ગ-૪ તરીકે સેવા આપતા બોર્ડરવીંગ હોમગાર્ડઝમાંથી નિમણૂંક પામેલ અને બોર્ડરવીંગ હોમગાર્ડઝમાં ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષ સેવાઓ આપેલ હોય તેવા અનુયાયીઓને વર્ગ-૪ સંવર્ગના પગાર ધોરણના એક ઇજાફા જેટલો ખાસ પગાર આપવાનું ઠરાવવાામાં આવે છે. ખાસ પગાર પર અન્ય ભથ્થા મળવાપાત્ર રહેશે નહી.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણાંવિભાગની તા.૧૧/૧૧/૨૦૦૯ તથા તા.૧/૧૧/૨૦૧૩ ની મળેલ સંમતિથી રવાના કરવામાં આવેલ હતા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય બધેકા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- કમાન્ડન્ટ જનરલશ્રી, હોમગાર્ડઝ, ગુજરાત રાજ્ય, શાહીબાગ, અમદાવાદ.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, હથિયારી એકમો, પોલીસ ભવન, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.